

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

ગરીબોને સાચવી એ આર્થિક-રીતે તોષે છે,
અંધશ્રદ્ધાના નશામાં ભોળા-ભક્તોને શોષે છે.
રોષે છે ન્યાય, મત-મતલબી નેતાઓ પર -
જે આવા ગુંડા-બળાત્કારી બાબાઓને પોષે છે...

### હાઈકુ

ધર્મ ક્ષેત્રોને
બાબાઓ એ બનાવ્યાં -
કૂટણખાનાં...

પવિત્ર નામ -
લ્યો ! વટલાવી નાખ્યાં -
'રામ-રહીમ'

### ચિંતન

*શાસ્ત્રાભાવે શિષ્યાચાર મનુગચ્છેત ।*

જેને શાસ્ત્રનું જ્ઞાન ના હોય એણે શિષ્ટાચારનું અનુસરણ કરવું.

શ્રુતિ, સ્મૃતિ, ઈતિહાસ, પુરાણ, ધર્મ શાસ્ત્રને ન જાણનારા લોકોએ ધર્મનિષ્ઠ, વ્યક્તિઓના આચરણ ને જ શાસ્ત્રોપદેશ - ધર્મોપદેશ સમાન માની, એ અનુસાર, આચરણ કરવું જોઈએ.

શાસ્ત્રોનો અભ્યાસ - જ્ઞાન ભલે ન હોય પણ સત્સંગ અને શ્રવણથી પણ સંસ્કાર અને જાણકારી મળે છે વિદ્વાન સંતોના વાણી અને જાણકારી મળે છે વિદ્વાન સંતોના વાણી - વર્તનમાં શાસ્ત્રીય આચરણનું પ્રતિબિંબ હોય છે. એમને અનુસરવાથી પણ ધર્મજ્ઞાન - ભક્તિ - વિનય - વિવેક પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- રાજકારણી આગામી ચૂંટણીનો વિચાર કરે છે, મુત્સદ્દી આવતી પેઢીનો - **જે.એફ. કલાર્ક**
- શરીર - મન - વાણીની જેટલી નિરોગીતા, એટલી આત્માની સહજતા - **દાદા ભગવાન**
- દરેક મા-બાપ ઝંખે છે કે એમના સંતાન એમના કરતાં સવાયા થાય, પણ એ એમની કંડારી આપેલી કેડીઓ જ ચાલે તેવો એમનો આગ્રહ ઘણા સંઘર્ષો સર્જે છે - **ઈશ્વર પેટલીકર**
- વિચારના ચગડોળમાં ચડ્યા પછી આપણે ધારીએ તો પણ અધવચ્ચે ઊતરી શકાતું નથી - **હરકિસન મહેતા**
- અમૂલ્ય માનવજીવનને કેવળ ભાગાર્થે વેડફી નાખવું એ શાલિગ્રામથી ચટણી વાટવા જેવું કામ ગણાય - **હરિભાઈ કોઠારી**
- તાંદુલની પોટલી ઝૂંટવી લઈને પછી જ સોનાની સુદામાપુરી આપવાની ઈશ્વરની જૂની આદત છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : પંદર મરી વાટી મધમાં રોજ ચાટવાથી શ્વાસ મટે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

વિશ્વનો ધનાઢ્ય દેશ અમેરિકા. એ દેશના ઉપરાષ્ટ્રપતિ જેફરસન. સાદગીમાં માનતા જેફરસન સાદગીથી સભર એવું જીવન જીવતા. એકવાર દૂરના રાજયમાં એમને જવાનું થયું. ત્યાં પહોંચી એક સારી હોટલના કાઉન્ટર ઉપર જઈ એમણે રૂમની માંગણી કરી... હોટલના માલિકે જેફરસનના દેખાવ અને પહેરેલા કપડા પરથી નક્કી કર્યું. કે જો આવા માણસોને હું રૂમ આપીશ તો બીજા સારા ગ્રાહકોને નહી ગમે. એટલે એણે કહ્યું, 'અમારે ત્યાં કોઈ રૂમ ખાલી નથી.' જેફરસને બાજુમાં દેખાતી સાવ સામાન્ય હોટલમાં રૂમ મળી ગઈ. બીજે દિવસે પેલી વૈભવી હોટલના માલિકને ખબર પડી કે ગઈકાલે જે વ્યક્તિને તેના બાહ્ય દેખાવ ઉપરથી પોતે રૂમ આપવાનો ઈન્કાર કર્યો હતો એ તો અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ હતા. તરત જ દોડ્યો એ બાજુની હોટલ ઉપર પહોંચ્યો અને જેફરસનને વિનંતી કરવા લાગ્યો. 'સાહેબ, મેં ગઈ કાલે આપને ઓળખવામાં ભૂલ કરી હતી. આપના દેખાવ પરથી મેં માની લીધેલું કે આપ કોઈ સામાન્ય વ્યક્તિ હશો. આપની હું ક્ષમા માંગુ છું અને આપ મારી સાથે ચાલો હું આપની વ્યવસ્થા કરી દઈશ.' જેફરસેને મજાક કરતાં કહ્યું, 'ભાઈ, તમારી હોટલમાં એક સામાન્ય માનવીને રહેવા પૂરતી સગવડ નથી તો મારા જેવા અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માટે તો યોગ્ય જગ્યા કયાંથી હોય?'

# રાજકીય મધુપ્રમેહના સંકેત

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને કોંગ્રેસના આગેવાનોનો સાગમટે ભાજપ પ્રવેશ દૂધમાં સાકર બળી રહી હોય એવો મધુર લાગી રહ્યો છે. જો કે થોડાક જ મહિના અગાઉ આ તમામ આગેવાનો એમની આવડત મુજબ ભાજપની સરકાર સામે અને પાર્ટી સામે શક્ય એટલી કઠોર શબ્દાવલીનો પ્રયોગ કરતા હતા તે સર્વવિદિત છે. કડવાં વખ નિવેદનો અને વિરોધ પ્રદર્શનો કરનારા કોંગ્રેસી આગેવાનો રાતોરાત ડાહ્યાડમરા થઈ ગયા, કોંગ્રેસ સાથે છેડો ફાડી બેઠા અને ભાજપની પાંખમાં ભરાઈ ગયા તે ઘટના નજર સામે બની રહી હોવા છતાં મતદાતાઓને હજી પૂરેપૂરી હજમ થઈ લાગતી નથી. આ બધું કોંગ્રેસમાં પ્રવર્તી રહેલી જૂથબંધીની ફળશ્રુતિ છે, એ પણ પ્રજા બરાબર સમજે છે. જો કોંગ્રેસના દિલ્હી સ્થિત નેતાઓએ શંકરસિંહ વાઘેલાને ચૂંટણીની કમાન સોંપી દીધો હોય અને એમની સલાહ મુજબ અગાઉથી જ મુખ્યમંત્રીપદના ઉમેદવારનું નામ જાહેર કરી દીધું હોય હોત તો કદાચ કોંગ્રેસરૂપી સાકરને ભાજપરૂપી દૂધના કૅનમાં ભળવાની જરૂર જ ઊભી ન થઈ હોત. બલકે એવા સંજોગોમાં તો અત્યારે ભગવો ધારણ કરનારા યુવા નેતા સહિત જે નામાંકિત આગેવાનોએ કોંગ્રેસને રામ રામ કર્યા છે એ બધા બુલંદ અવાજે ભાજપના કુશાનનું બિહામણું ચિત્ર રજૂ કરતા હોત. કોંગ્રેસે બાપુની વાત ના માની એથી એમના સમર્થકોએ આવ આકરો અને કદાચ એક અર્થમાં 'આત્મઘાતી' નિર્ણય લેવો પડેલ છે. આત્મા ન માનતો હોય છતાં દબાઈ ચંપાઈને, જૂથબંધીની રૂએ જે નિર્ણય લેવાય તે સરવાળે તો માનવીની આંતરિક અસ્મિતાને ઉઝરડા પાડનારો જ નીવડે છે, જો કે એવો અનુભવ ખુદ શંકરસિંહ વાઘેલાને થઈ ચૂકયો છે, તે પણ યાદ રાખવું જોઈએ.વાઘેલાએ કોંગ્રેસની વિરુદ્ધ ભારતીય જનતા જનસંઘ અને એનું વર્તમાન સ્વરુપ - ભારતીય જનતા પાર્ટી ઊભી કરવામાં શબ્દના સાચા અર્થમાં 'સિંહફાળો' આપ્યો હતો. વર્તમાન નેતાઓ એમનો પડ્યો બોલ ઝીલતા હતા. કેશુભાઈ પટેલ અને નરેન્દ્ર મોદી સાથે જે કોઈ કારણસર વાંકુ પડ્યું હોય તે - પરંતુ પાર્ટી છોડીને પ્રાદેશિક પક્ષ બનાવ્યો અને છેવટે નીચી મૂંડીએ કોંગ્રેસનું શરણું સ્વીકાર્યું, એના સિદ્ધાંતો અને વિચારસરણી અપનાવ્યાં, છતાં આખરે તો સાકર નહીં પણ તેલની જેમ ભળ્યા હોય એમ એમની એક જુદી અને અળખામણી ઓળખ જ બની રહી. કોંગ્રેસનો ખેસ પહેરનાર વાઘેલાને કોંગ્રેસે કયારેય ખરા દિલથી સ્વીકાર્યા જ નહીં. આવી વીસ વીસ વરસની વિટંબણા પછીની 'ઘર વાપસી' છતાં બાપુ હવે ભાજપના નિશાન પર ચૂંટણી લડતાં સ્વાભાવિક રીતે જ ક્ષોભ અનુભવે તે સમજી શકાય એમ છે. પરંતુ એમણે પોતાના સમર્થકોને ભાજપનાં દૂધમાં સાકરની જેમ ભળી જવાની છૂટ આપી છે ત્યારે શું એમને નડ્યાં એવાં જ વિઘ્નો એમની જમાતને નહીં નડે? ભારતીય જનતા પાર્ટીએ અત્યાર લગી કોંગ્રેસમાંથી ખેંચી લવાયેલા નેતાઓનો ઉપયોગ તો જરૂર કર્યો છે, પરંતુ પછી એમને વખારે નાખી દીધા હોય એવા અનેક દાખલા આપણી નજર સામે છે. ફક્ત ચૂંટણી જીતવાની કવાયત તરીકે જો દૂધમાં સાકર ભેળવવાના પ્રયોગો થતા હોય તો લાંબા ગાળે રાજકીય ડાયાબિટીશની સંભાવના પણ રહેવાની જ. ડાયાબિટીસ બધાં જ અંગોને અંદરથી કોરી ખાનારો રાજરોગ છે, એ કોણ નથી જાણતું ?

# આદું-હળદર-તુલસી-અરડુસી



## પહેલું સુખ તે જાતે નર્યા

ડો. કેદાર ઉપાધ્યાય

અત્યારે ઈન્ફેકશનના બહું વાયરા છે. બાળકોને શરદી ઉધરસ તાવ ખૂબ જોવા મળે છે. ઉપરથી વરસાદની સિઝન, સ્વાઈન ફ્લુનો ભય અને તેમા બાળકો શરદી તાવથી હેરાન થતા હોય એટલે આપણે અકળાઈ જઈએ એ સ્વાભાવિક છે. બાળકોને શરદી ઉધરસ થાય એટલે તેના ખાવા પીવા પર કાપ મુકાઈ જાય. આધુનિક તબીબી શાસ્ત્ર ભલે આમા બહું ન માનતું હોય પણ એટલું તો દેખીતું જ છે કે બાળકને શરદી થઈ હોય ત્યારે જો તેને દહિં, આઈસક્રીમ, ચોકલેટ આદિ આપવામાં આવે તો શરદી વધું વકરે છે. બાળકોને ખોરાકમાં જો દહિં-છાશ હોય તો તેઓ સરસ જમી લેતા હોય છે. શરદી વખતે દહિં-છાશ બંધ રાખવા પડે એટલે જમવામાં પણ બાળકો આનાકાની કરે. એમાય જો એન્ટીબાયોટીક કે પેરાસીટામોલ જેવી દવાઓ ચાલતી હોય તો બાળકોની ભૂખ જ મરી જાય છે અને દીવસે દીવસે જાણે બાળક દુબળું પડતું જતું હોય તેવું આપણને લાગ્યા કરે.

આવા સમયે દરેક માં-બાપ આયુર્વેદ જેવી નિર્દોષ અને અસરકારક દવાઓનો વધું આગ્રહ રાખતા હોય છે. કારણકે આયુર્વેદના ઔષધો બાળકની ઈમ્યુનિટી વધારે છે, બાળકનો કફ-શરદી-તાવ દૂર કરે છે અને તેના પાચનતંત્રને પણ સુધારે છે. આજે આપણે આવા ચાર ઔષધોની વાત કરીએ. આદું, હળદર, તુલસી અને અરડુસી.

જેને આપણે અંગ્રેજીમાં જીંજર કહીએ છીએ તે આદું બહુગુણપ્રધાન છે. સ્વાદે મુખ્યતઃ તીખું એવું આદું ગુણમાં થોડું ગરમ છે, પચ્યા પછી મધુરભાવને પ્રાપ્ત થાય છે અને શ્રેષ્ઠ પાચક, ભૂખ લગાડનાર, અને એન્ટીઓક્સીડન્ટ છે. આદુ સુકાય એને સૂંઠ કહેવાય. આદુ અને સૂંઠના ગુણો અમુક અંશે અલગ છે. આદુનો ગુણ રૂક્ષ (ડ્રાય કરવાનો) છે જ્યારે સૂંઠનો ગુણ સ્નિગ્ધ છે. આદુ કબજીયાત દૂર કરે છે, શરીરનો સોજો ઓછો કરે છે, શરીરની ઈમ્યુનિટી વધારે છે (એટલે શરદી-તાવમાં ખૂબ અસરકારક છે), જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે, આદુંમાં રહેલ 'જીંજરોલ' નામનું તત્વ શરીરનો સોજો (ઈંફ્લામેશન) ઓછો કરે છે અને એન્ટીઓક્સીડન્ટ તરીકે પણ કામ કરે છે.

આદું જેવું જ અને તેના જ વર્ગનું બીજું ઔષધ એટલે હળદર. હળદરના ગુણો વિષે ભાગ્યે જ કોઈ અજાણ હશે. હળદર શ્રેષ્ઠ એન્ટીસેપ્ટીક છે. એટલે તે શરીરમાં થયેલા ઈન્ફેકશનને દૂર કરે છે. હળદર ડાયાબિટીસનું શ્રેષ્ઠ ઓસડ છે. હળદર લોહી સુધારે છે, એટલે ચામડીના રોગોમાં અસરકારક છે. હળદર થોડી સારક છે એટલે બાળકનો ઝાડો સાફ લાવે છે

આપણાં બધાના ઘરમાં તુલસી હશે જ. આ તુલસી કફનાં રોગોનું શ્રેષ્ઠ ઔષધ છે. તુલસીના પાનમાં એક ઉડ્ડનશીલ તેલ રહેલું હોય છે જે કફને છુટ્ટો પાડવામાં મદદરૂપ છે. અરડુસી (સંસ્કૃતમાં 'વાસા') પણ કફનું શ્રેષ્ઠ ઔષધ છે. અરૌસીની વિશેષતા એ છે કે શરદી-ઉધરસના બીજા ઔષધોની જેમ એ પ્રકૃતિએ ગરમ નથી. એટલે જેની ગરમ પ્રકૃતિ હોય તેઓ પણ અરડુસીનો નિશ્ચિંતપણે ઉપયોગ કરી શકે છે.

બાળકોના શરદી-ઉધરસ-કફ-તાવ અને ઈન્ફેકશનને દૂર કરનારા આ ચારેય ઔષધોને ઉકાળા સ્વરૂપે મધ નાખીને કે ચાટણ સ્વરૂપે બાળકોને લાંબા સમય સુધી નિયમીત પણે આપી શકાય. આથી બાળકોની ઈમ્યુનિટી વધશે અને સિઝન બદલવાથી થતા નાના મોટા રોગો પણ ટળશે.

- contact@atharvaayu.com

# મોક્ષનું ગાજર લટકતું જોઈને...



## મનના ઉમંગો

રણછોડ પરમાર

ભિક્ષુ અખંડ આનન્દજી અને સ્વામી આનંદજી જેવા સાધુઓએ ભગવા પહેર્યા પછી પણ સમાજસેવાનાં કાર્યો ધર્મકાર્યોની જેટલી જ ચીવટથી કર્યાં છે. તેમણે સાહિત્યની સેવા પણ એક કર્મઠ સાહિત્યકારની જેમ જ કરી છે. ભિક્ષુ અખંડ આનન્દજીએ પહેલાં સસ્તુ સાહિત્ય મુદ્રણાલય શરૂ કર્યું હતું તેના નેજા હેઠળ અસંખ્ય ધાર્મિક અને સામાજિક પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે.આ સંસ્થા તારફથી અખંડ આનંદ નામનું મેગેઝીન દર માસે બહાર પડે છે.તેમાં સુંદર વારતાઓ, કાવ્યો અને લેખો પ્રકાશિત થતા રહે છે. આ અખંડ આનંદમાં આવેલી વારતાઓના સંગ્રહો પણ અવારનવાર બહાર પાડવામાં આવે છે. અખંડ આનંદની વારતાઓ નામનો એક સંગ્રહ મેં મારા કુંટુંબ સાથે વાંચ્યો છે એટલું જ નહીં ઘણા મિત્રોને પણ વંચાવ્યો છે. તેમાં છપાયેલી એક નવલિકા '' પણ કાળી છે '' અમે બધાએ ખુબ હોંશે હોંશે વાંચી છે.

હમણાં પુસ્તક પરબમાંથી આવો જ એક બહુ જૂનો અખંડ આનંદની વારતાઓનો સંગ્રહ અચાનક મળી ગયો. આ સંગ્રહ ફાગણ , સંવત ૧૯૯૦ માં પ્રગટ થયેલો છે. તેનું શિર્ષક છે, '' સામાજિક ટૂકી વાર્તાઓ'' કુલ પાના ૫૦૪ છે અને કિંમત દોઢ રૂપિયો છે. બધા પાના પીળાં પડી ગયાં છે પણ સહીસલામત છે. શિર્ષકની નીચે કૌંસમાં'' સ્ત્રીપુરુષ સર્વ માટે ઉપકારક ૬૭ વાર્તાઓ'' એવું લખાણ વાજબી પણે કરેલું છે. આ ગ્રંથમાંથી પસાર થતાં તે જમાનામાં કેવી વાર્તાઓ લખાતી હશે એનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. મોટાભાગની વાર્તાઓ સમાજસુધારાને લક્ષમાં લઈને લખાયેલી છે. એ યુગ જ સુધારક યુગ તરીકે ઓળખાતો હતો ને ? તે સમયે આપણે અંગ્રેજોના ગુલામ હતા તેથી કેટલીક જગ્યાએ સ્વતંત્રતાની ચિનગારી પ્રગટાવવાનો પણ પ્રયાસ થયેલો જોવા મળે છે.

બે ચાર નવલિકાઓ જાણે આજના કાર્યકાળમાં લખાઈ હોય એટલી આધુનિક છે. એમાંની એક વાર્તા 'સ્વર્ગને રસ્તે' લેખક મકરકેતુ બાબતે ટૂંકમાં વાત કરવાનો આ લેખનો હેતુ છે. આ વાર્તા તા- ૨૯/૨૪/ ૦૯/ ૧૯૩૩ ના 'પ્રજામિત્ર કેસરી' માંથી લેવામાં આવી છે.

ચૈત્રમહિનાની આગઝરતી બપોરે જ્યારે આખા ગામના લોકો કાગાનિંદર તાણતા હશે ત્યારે શ્રી પંચનાથ બક્ષીના ઘેર ભારે ધમાધમ છે. સાંજે ગુરૂ મહારાજ પધારવાના છે તેની તૈયારીમાં નાના બાળકોને પણ બાકાત રાખવામાં આવ્યાં નથી. . સુખવંતને બજારમાંથી ગુરૂની પૂજા માટેની સામગ્રી લાવવાનું અને બે છોકરીઓને તોરણ ગુંથવાનું કામ સોંપવામાં આવ્યું છે. સુખવંત સામગ્રી માટે અડધી ઉંઘમાંથી વેપારી કચરાલાલને જગાડે છે. કચરાલાલ આંખો ફાડીને કહે છે'; 'એલા સુખલા ! તારા ગુરૂમા' રાજે તો ગામ માથે લીધુ લાગે છે. અટાણે ખરે બપોરે એને કાંધ મારવો છે શું ? તમે એની લપ ક્યારે છોડશો ? 'સુખદેવે ગુરુજી વિશે પહેલાં કૈંક વાત જાણી હશે એટલે આ સાંભળતાં જ પહેલાં તો સારું લાગે છે પણ તરત માતાપિતાએ ભણાવેલો ગુરૂમહિમાનો પાઠ યાદ આવે છે.

ગુરૂજીની નિંદા સુણે જન કોઈ, તેના કાન સીસે ભરે જમ સોઈ !

કાનમાં આંગળી નાખીને સુખદેવ કહે છે, '' તે કચરાબાપા ! તમારે અમારા ભગવાનને ગાળો ના દેવી. હું મારા બાપાને કહી દઈશ.''

કચરાબાપા જરા વાયડા હતા. એમણે કહેવાની વાત સ્પષ્ટ પણે કહી જ દીધી. '' હવે બેસ મારા વ્હેંતિયા ! સાલો પેલો લંગોટ મહારાજ ગામની બાયડિયું મૂકતો નથી ને આ બધા એના ચેલકા થઈ બેઠા છે ! ''

કચરાબાપાના શબ્દો સુખદેવે કાનમાં આંગળી ઘાલી હોવા છતાં સંભળાઈ ગયા અને કોમળ દિલમાં છપાઈ ગયા. સુખવંતરાય ચૌદ વર્ષનો ચબરાક છોકરો હતો. તે સામગ્રી લઈ ઘેર પાછો આવે છે. સાંજે ગુરુમહારાજ આવે છે. તે ગુરુ અને શિષ્યોના બધા ખેલ જુવે છે. અત્યાર સુધી તેણે એકથી વધારે વખત ગુરૂમહારાજના ભયંકર ગોટાળાની વાત સાંભળી હતી. પણ આજે તો તેને ઝીણી તરડમાંથી ગુરૂજી અને રાધાની તમામ કામલીલા જોવા મળી અને એની આંખો સળગી ઉઠીઃ 'આ ગુરૂજી ! આ પ્રભુજી ! આ નાલાયક માણસ દેવ ?'

પછી તો સુખદેવ ગુરૂજીની વસંતલીલા, રાસલીલા અને જળલીલા બધું જુવે છે. તે અંદરથી ભડભડ બળે છે પણ હોઠ પર કટુતા આવવા દેતો નથી. ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂજીની પૂજા કરવાનું તેના નસીબમાં આવે છે. લોકો તેના ભાગ્યની ઈર્ષા કરતા કહે છે, 'ઓહો ! ગુરુજીનો પ્રતાપ છે કાંઈ? આ છોકરાના ચોરાશી ભવના ફેરા ટળી જશે.'

પૂજા કરવા સુખદેવ ગુરુજીની નજીક જઈ ધારદાર હથિયાળ વડે તેમના નાક અને હોઠ કાપી લે છે. ગુરૂદેવનું નાક અને હોઠ વગરનું લાલચોળ મોઢુ ભયાનક લાગતું હતું અને તેઓ કારમી ચીસો પાડતા હતા. ગુસ્સે થયેલા શિષ્યો ઘેરી વળતા રિવોલ્વર કાઢી સુખદેવ બુલંદ અવાજે બોલે છે; 'પામર માણસો ! તમારી મા-બહેનોના શિયળ છીનવી લેનાર અને ઉપરથી તમારા પૈસા લૂંટનાર આ હરામખોરને તમે હજુ ઓળખી શક્યા નથી એ કુત્તાને તો ઠાર મારવો જૂઈએ. પણ એના નાકહોઠ વિનાનું કદરૂપું મોં લઈ તે દુનિયામાં ફરે અને જગત આખું તેની ભયંકર લીલા જાણે એટલા માટે જ મેં તેની આ હાલત કરી છે.'

આગળ મે કહ્યું તેમ જાણે ગઈકાલે જ લખાઈ હોય તેવા ભાષાકૌશલથી આ વારતા પૂરા પચ્ચીસ પાનાં ભરીને લખાઈ છે.જૂનાં પીળાં પાનાઓમાં એકવીસમી સદીની આ વારતા છે. મોકો મળે તો જરુરથી વાંચજો. સાહિત્યકારો તો બિચારા વરસોથી અંધબહેરા લોકોને જગાડવા અવિરત પિપૂડીઓ વગાડતા રહ્યા છે . પણ કદી નહીં જાગવાની બાધા લેનારા ભાવિકભક્તો જાગે કઈ રીતે ?

**મોક્ષનું ગાજર**

મોંઢા આગળ ગાજર લટકે ,હું તો ખાવા દોડું રે !
હા આ આ આ આ હા
પૂરવજનમનું પૂછડું ઝાલ્યું, કેમ કરીને છોડું રે !
હા આ આ આ આ હા
દરિયા વચ્ચે દેડકી બેઠી, નહીં પરણની છાયા રે !
જળ ના અડકે, તેજ ના છટકે, અમથી ધરુજે કાયા રે !
દૂર દેશથી આવ્યો ધૂતારો, કહે કે તંબુ ખોડું રે !
મોંઢા આગળ ગાજર લટકે, હું તો ખાવા દોડું રે !
અમરતફળ એક આભથી ટપક્યું, નહી મીઠું પણ કડવું; એમ અમરતા ક્યાંથી મળશે ? આ તો વખનું દડવું
કોઈ નહીં બ્રહ્મા, કોઈ નહીં વિષ્ણુ, કોઈ નહીં શંકર શોણું રે !
મોંઢા આગળ ગાજર લટકે ,હું તો ખાવા દોડું રે !

# જો બાત દવા સે હો ના શકે વો બાત દુઆ સે હોતી હૈ, કાબિલ ગુરુ જબ મિલતા હૈ તો બાત ખુદા સે હોતી હૈ



## લાગણીનો મેળો

રસિક વાળંદ

**જો બાત દવા સે હોના શકે વો બાત દુઆ સે હોતી હૈ,**
**કાબિલ ગુરુ જબ મિલતા હૈ તો બાત ખુદા સે હોતી હૈ ।**
ગુરુ થઈ બેઠો હુસે કરી, કંઠે પાણ શકે ક્યમ તરી?
પોતે હરિને ન જાણે લેશ અને કાઢી બેઠો ગુરુનો વેશ!
ધન હરે, ધોખો નવ હરે, સંબંધ સંસારી સાચો કરે;
એવા ગુરુ ઘણા સંસારે તે 'અખા' શું મૂકે ભવપાર?

**- અખો**

અષાઢી પૂનમ એટલે વ્યાસપૂર્ણિમા – ગુરુ પૂર્ણિમા. ગુરુ એટલે જે લઘુ નથી તે. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ.

જે અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ ભણી લઈ જાય તે ગુરુ.

અજ્ઞાનના અંધકારને નિવારવા જ્ઞાનની જ્યોત પ્રગટાવનાર ગુરુ અને જીવનવિકાસની તમન્ના રાખનાર શિષ્યનો સંબંધ અલૌકિક હોય છે. આવા ગુરુ શિષ્ય જ સાચા અર્થમાં ગુરુપૂર્ણિમા ઉજવે છે.

આજની ગુરુપૂજા ગુરુવાદમાં પરિણમી છે. આ ગુરુવાદ સમાજમાં અંધશ્રદ્ધાને અજ્ઞાનતાના કુંડાળા સર્જે છે... યોગ્યતા જોયા-જાણ્યા વગર ઘસડાતા ગાડરિયા લોકોની બાલીશતા 'ગુરુવાદનું' ગુરુપૂજન કાર્ય કરે છે, એ જોઈ સખેદ હસવું આવે!!

'ગુરુ લાલચી કપટી ચેલા, દોનો નરકમે ઠેલમઠેલા'

આવા લેભાગુ ગુરુઓ અને દિગ્ભ્રાન્ત ચેલાઓ સમાજમાં વમળો પેદા કરે છે. ગુરુ તો લોકોનું શ્રદ્ધાકેન્દ્ર ગણાય તે તો નિત્ય વિમલ – નિષ્પાપ તેમજ અચલ હોય. પરંતુ ધીરા ભગતના શબ્દોમાં ''તન જોગી મન કંચન કામની એવે તરણે કેમ ઉતારાય?'' આવા દાંભિક વેશધારી ગુરુઓ સાચા સંતોના કાર્યને કેટલું કપરું બનાવી મૂકે છે એનો કોઈ અંદાજ નથી.... સાધુના સ્વાંગમાં દુરાચાર કરતા પાખંડી શેતાનોને પારખતા સમાજે શીખવું પડશે!!

પ્રતિવર્ષ આવતા આ પાવનકારી પર્વનું મહાત્મ્ય જરા સમજીએ...

ગુરુપૂર્ણિમા એટલે વ્યાસપૂજાનો દિવસ. આ દિવસે સંસ્કૃતિના ઘડ્વૈયાઓનું પૂજન કરવામાં આવે છે. આપણી સંકૃતિ ઘડતરનું કામ છૂટી છવાઈ રીતે અનેક ઋષિઓએ કર્યુંહતું. પણ વેદવ્યાસે બધા વિચારોનું સંકલન કરીને જ્ઞાનકોશ સમો 'મહાભારત' ગ્રંથ આપ્યો. મહાભારતને પાંચમા વેદની ઉપમા મળી છે. 'ભારત પશ્મો વેદઃ ।' મહાભારત ગ્રંથ દ્વારા વેદવ્યાસે સંસ્કૃતિના વિચારો, દ્રષ્ટાંતો, સહિત સરળ ભાષામાં સમાજ પાસે મૂક્યાં. 'મૂનિનામ્ વ્યહમ્ વ્યાસઃ ।' એમ કહીને ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે વ્યાસને પોતાની વિભૂતિ ગણાવી બિરદાવ્યા છે. વેદવ્યાસના જીવન કવનને અમર બનાવવા તેમના અનુગામી ચિંતને એ સંસ્કૃતિના વિચારોનો પ્રચાર કરનાર સૌને ''વ્યાસ'' તરીકે સંબોધવાનું નક્કી કર્યું. સંસ્કૃતિના વિચારો જે પીઠ પરથી વહેતા થાય છે તે પીઠ બેઠક આજે ''વ્યાસપીઠ'' ના નામે ઓળખાય છે. વ્યાસપીઠ પર આરૂઢ થનારે નજર સમક્ષ મહર્ષિ વેદવ્યાસ હોવા જોઈએ.

મહર્ષિ વેદવ્યાસ એટલે 'વ્યક્તિનો મોક્ષ' અને 'સમાજનો ઉદ્ધાર' આ બંને આદર્શો પ્રત્યેક અભેદ બુદ્ધિથી જોનાર અભ્યુદય અને નિઃશ્રેયસ બંનેનો સમન્વય સાધનાર આમ વ્યાસપીઠ પર બેસનારો માણસ સરસ્વતીનો સાચો ઉપાસક હોવો જોઈએ. નિઃસ્વાર્થભાવે પોતાની ઉપાસના કે ભક્તિ સમજી સ્વકર્તવ્યરૂપે સંસ્કૃતિપ્રચારનું જીવનવ્રત લે એવાની પૂજા આ દિવસે કરવી જોઈએ. અધ્યાત્મપરાયણ જીવનના મર્મરૂપ વ્યાસ જેવો બીજો કોઈ સમાજશાસ્ત્રી જડવો દુર્લભ છે. તેમનું વૈદિક અને લૌકિક જ્ઞાન એટલું અમર્માદ હતું કે લોકોએ કૃતજ્ઞતાપૂર્વક કહેવા લાગ્યા, 'વ્યાસોચ્છિષ્ટં જગત્સર્વમ્' વ્યાસવાણીને 'સારં વિશ્વસ્ય' કહીને નવાજી છે!!

આવા ગુરુના ઉપકારોથી જેનું હૈયું ભરાઈ આવ્યું હશે એવા કોઈ કૃતજ્ઞ માનવે ગાયું હશે કે :

**ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુ સાક્ષાત્પરં બ્રહ્મ તસ્મૈશ્રી ગુરવે નમ્ ।**

બ્રહ્માની જેમ સદગુણોના સર્જક વિષ્ણુની જેમ સદવૃત્તિના પાલક અને મહાદેવની જેમ દુર્ગુણોને દુર્વૃત્તિઓના સંહારક તેમજ જીવ અને શિવનું મિલન કરાવનાર ગુરુ એ સાક્ષાત પરબ્રહ્મ સમાન છે. આવા ગુરુનું પૂજન એ આપણી સંસ્કૃતિનું સમધુર કાવ્ય છે.

દોસ્તો, અધ્યાત્મના માર્ગે માણસે ખુદ એકલ પંડે જ પ્રયાણ કરવું પડે. ગીતકાર કૃષ્ણે સ્પષ્ટ સૂચવ્યું છે 'ઉદ્ધરેદાત્મનાત્માનમ' અર્થાત 'માણસે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ.' આ જ વાત અખાએ કરી, 'તું જ તારો ગુરુ થા,' આમ ગુરુપૂજન એટલે ધ્યેયપૂજન. ગુરુ સાક્ષાત ધ્યેયમૂર્તિ હોય છે. ધ્યેયનું સાકાર સ્વરૂપ છે. ધ્યેય આવે એટલે સંયમ આવે છે. સંયમથી શક્તિ સંગ્રહિત થાય અને એ શક્તિથી જ માનવ ધ્યેયની સમીપ થાય છે. અને અંતે તેનો સાક્ષાત્કાર કરે છે.

દોસ્તો, જ્ઞાનમૂર્તિ પ્રકાશપૂંજ એવા ગુરુનો સંસર્ગ પારસમણિ કરતા પણ બહેતર હોય છે. કારણ પારસમણિનો સ્પર્શ લોખંડને સોનું બનાવી શકે પરંતુ પારસમણિ ન બનાવી શકે!! જયારે ગુરુનો સ્પર્શ શિષ્યને સવાયો બનાવી શકે છે.

આમ તો ગુરુ કરવાના ન હોય થઈ જતા હોય છે. જીવનનો હકાર ઈચ્છતી વ્યક્તિને આપોઆપ ગૌરવાન્વિત ગુરુ સાંપડી જતા હોય છે... વેદકાલિન શિક્ષણ પ્રણાલિમાં તપોવનમાં પ્રવેશ પામનારને ભાવપૂર્ણ સ્વાગત – પ્રવચન (welcome speech) કરનાર ગુરુ જ સ્વસ્થ દીક્ષાન્ત પ્રવચન (farewell speech) આપી સમાજે સોંપેલી માનવ અમાનતને સવાઈ કરી સોંપતા... આવા વૈદિક ગુરુઓ ક્યાં ને આજના લઘુઓ ક્યાં?!

મિત્રો, આજે ભેળસેળયા જમાનામાં વધુ પડતા ચળકાટથી અંજાશો નહિ થોડુંક બુદ્ધિગમ્ય ચિંતન કરતા રહો આપણી ગુરુ પરંપરામાં ''હું કોઈનો છુ'' એવી મધુર ભાવનામાં કૃતજ્ઞતા જ સમાયેલી છે. સાંદીપનિના શિષ્ય કહેવડાવવામાં કૃષ્ણ અને સુદામા બંને ગૌરવ અનુભવતા... પાશ્ચાત્ય દેશોમાં પણ 'હું અમુકનો શિષ્ય છું' એમ કહેવામાં ગૌરવ અનુભવતા. ''હું સોક્રેટિસનો શિષ્ય છું એમ કહેવામાં પ્લેટો જીવનની કૃતાર્થતા સમજતો અને પ્લેટો મારા ગુરુ છે એમ કહેવામાં એરિસ્ટોટલને જીવન ધન્ય લાગતું.

આવા સદગુરુઓ જ વિકાસના નિમિત્ત બને... કારણ કે જેમને તમોગુણનું આકર્ષણ કે રજોગુણનો રઘવાટ હોતો નથી કે સત્વગુણનો અહંકાર!

અનુસંધાન પાના નં. ૭ પર